બજેટ સત્ર બાદ રાજ્યમંત્રી મંડળની પ્રથમ બેઠક મળી

# ભૂપેન્દ્ર પટેલની સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમને લઈ કેબિનેટ બેઠકમાં સમીક્ષા

## બંને રાજ્યો વચ્ચે ભાષા, સંસ્કૃતિ, વારસો, સાહિત્ય, કલા, વ્યવસાય અને શિક્ષણ સહિતનું આદાન પ્રદાન થશે : રેલ્વે દ્વારા ખાસ દસ ટ્રેનો દોડાવાશે

ગાંધીનગર, તા.૫

ગુજરાત વિધાનસભા બજેટ સત્ર બાદ રાજ્યમંત્રી મંડળની પ્રથમ બેઠક મળી હતી. જેમાં કમોસમી વરસાદના પરિણામે થયેલા પાકના નુકસાનનો સર્વે, ઉનાળાના દિવસોમા પાણીની સંભવિત સ્થિતિને પહોંચી વળવા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમને લઈ જવાબદારીઓ સોંપવામા આવી હતી. આ ઉપરાંત ભરુચમા સફાઈ કામદારના ગટરમા ઊતરવાથી થયેલા મોત અંગેનો રિપોર્ટ રજૂ કરવામા આવ્યો હતો.

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમને લઈ કેબિનેટ બેઠકમાં સમીક્ષા કરી રહ્યા છે. આ કાર્યક્રમથી બંને રાજ્યો વચ્ચે ભાષા, સંસ્કૃતિ, વારસો, સાહિત્ય, કલા, વ્યવસાય અને શિક્ષણ સહિતનું આદાન પ્રદાન થશે. સૌરાષ્ટ્ર તમીલ સંગમ માટે રેલ્વે દ્વારા ખાસ ૧૦ ટ્રેનો દોડાવવામાં આવશે.સૌરાષ્ટ્ર તમિલ સંગમનો મુખ્ય કાર્યક્રમ સોમનાથમાં યોજાશે, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાજરી આપશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અધિકારીઓની ટીમને વિશેષ જવાબદારી સોંપવામાં આવી હતી, તેમજ સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાંથી આ કાર્યક્રમમાં અનેક લોકોને લાવવા લઈ જવા માટે વિવિધ ધારાસભ્યોને સૂચનાઓ પણ આપવામાં આવી હતી. આ ઉપરાંત આવતીકાલથી રાજ્યભરમાં ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસની ઉજવણીનો પ્રારંભ થઈ રહ્યો છે. જેને લઈને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ગુજરાતની મુલાકાતે છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સરકાર અને સંગઠનને સાથે જ મળીને પ્રજા કલ્યાણની યોજનાઓ સફળ રીતે પાર પાડવા આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં પ્રભારી મંત્રીઓને તેમના જિલ્લામાં જઈને સમીક્ષા કરવા જણાવ્યું છે.સોમનાથ, પોરબંદર, દ્વારકા, રાજકોટ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનગર ખાતે પણ વિવિધ કાર્યક્રમો યોજાશે. સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમથી બંને રાજ્યો વચ્ચે ભાષા, સંસ્કૃતિ, વારસો, સાહિત્ય, કલા, વ્યવસાય અને શિક્ષણ સહિતનું આદાન પ્રદાન થશે. જેના માટે ગુજરાતમાં વિવિધ સ્થળોએ ચિત્રકામ, સંગીત, નાટક, પ્રદર્શન, લોકગાયન, હસ્તકલા, ભાષાના વર્કશોપ, રાંધણકલા, શોપિંગ ફેસ્ટીવલ, બિઝનેસ મીટ અને રમત ગમત વગેરેનું પણ આયોજન કરવામાં આવ્યુંછે.



હનુમાનજયંતિ હોવાથી કેમ્પ હનુમાનજી માતાજી અને પિતાજીને મળવા માટે યાત્રા સ્વરૂપે નિકળ્યા હતા.

જૂનિયર ક્લાર્કની પરીક્ષા મુદ્દે હસમુખ પટેલનું નિવેદન

# ગેરરીતિ કરવા પર પથી ૧૦ વર્ષની સજાની જોગવાઈ કરાઈ છે

## પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા અંગુઠાનું નિશાન લેવામા આવે છે : અક્ષરની પણ તપાસ કરવામાં આવી શકે છે

અમદાવાદ, તા.૫

રાજ્યમાં પેપરકાંડની અવારનવાર સામે આવતી ઘટનાઓ વચ્ચે રવિવારે જુનિયર ક્લાર્કની પરીક્ષા યોજાવા જઈ રહી છે ત્યારે આ મામલે તંત્ર સહેજ પણ ઢીલી નીતિ અપનાવવા ન માંગતું હોય તેમ સુરક્ષા તેજ બનાવાઈ છે. જૂનિયર ક્લાર્કની પરીક્ષાને હવે ઘડીઓ ગણાય રહી છે. પરીક્ષામાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ સામે ન આવે તે માટે સુરક્ષા તેજ બનાવાઈ છે. ત્યારે પરીક્ષા મુદ્દે હસમુખ પટેલનું નિવેદન સામે આવ્યું છે. પરીક્ષામા હાજર રહેનાર સ્ટાફને આવતીકાલે તાલીમ આપવામાં આવશે. વધુમાં ગેરરીતિ અટકાવવા બાબતનો કાયદો લાગુ કરવામાં આવ્યો ત્યારે હવે ગેરરીતિ કરવા પર પથી ૧૦ વર્ષની સજાની જોગવાઈ કરાઈ છે.જૂનિયર ક્લાર્કની પરીક્ષા મુદ્દે હસમુખ પટેલનું નિવેદન, પરીક્ષામા હાજર રહેનાર સ્ટાફને આવતીકાલે અપાશે તાલીમ, ગેરરીતિ અટકાવવા બાબતનો કાયદો લાગુ કરવામાં આવ્યો, ભવિષ્યમાં ઉદાહરણ રૂપ કિસ્સામાં પથી ૧૦ વર્ષ સુધીની સજા અપાવીશ. વધુમાં હસમુખ પટેલે જણાવ્યું હતું કે ભવિષ્યમાં ઉદાહરણ રૂપ કિસ્સામાં સજા અપાવીશું. તથા ડમી ઉમેદવારોના સંદર્ભે હજૂ કોઈ ફરિયાદ કે રજૂઆત મળી નથી. રજૂઆત મળશે તો સખત કાર્યવાહી કરવામા આવશે. વધુમાં પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા અંગુઠાનું નિશાન લેવામા આવે છે. એટલું જ નહીં અક્ષરની પણ તપાસ કરવામાં આવી શકે છે. અન્ય કોઈ સંવર્ગમા નોકરી મેળવી હશે તો તપાસ થશે અને તપાસમાં આરોપો સાબિત થશે તો સખત સજા પણ થશે.

# રાજ્યમાં કોરોના વાઈરસના ૩૫૧ નવા કેસ નોંધાયા

## હાલ એક્ટિવ કેસોની સંખ્યા ૨૧૭૬ પર પહોંચી ગઈ છે

ગાંધીનગર, તા.૫

કોરોના વાયરસના દૈનિક આંકડા ફરી એક વખત જોખમના સંકેત આપી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં ૩૫૧ નવા કેસ નોંધાયા છે. જ્યારે સૌથી વધુ અમદાવાદમાં કુલ ૯૨ કેસ નોંધાયા છે. રાજ્યમાં કોવિડ ૧૯થી સાજા થવાનો દર ૯૮.૯૭ ટકા પર પહોંચ્યા છે. રાજ્યમાં હાલ એક્ટિવ કેસોની સંખ્યા ૨૧૭૬ પર પહોંચી ગઈ છે.

રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગત જાણીએ તો કુલ ૨૧૭૬ એક્ટિવ કેસ છે, તેમાંથી ૯ વેન્ટીલેટર પર છે. જયારે ૨૧૬૭ની હાલત સ્ટેબલ છે. ગુજરાતમાં અત્યાર સુધી ૧૨૭૦૫૪૯ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે, જયારે ૧૧૦૫૬ લોકોના મોત થયા છે.રાજ્યમાં આજ રોજ નોંધાયેલા કેસની વાત કરીએ તો, અમદાવાદ કોર્પોરેશનમાં ૮૮, મોરબીમાં ૩૫, સુરત કોર્પોરેશનમાં ૩૦, વડોદરા કોર્પોરેશન ૨૭, ગાંધીનગર ૨૩, મહેસાણા ૨૨, સાબરકાંઠા ૧૯, વડોદરા ૧૫, રાજકોટ ૧૨, બનાસકાંઠા ૧૦, કચ્છ ૯, ભરૂચ ૮, સુરત ૮, રાજકોટ કોર્પોરેશન ૬, ગાંધીનગર કોર્પોરેશન ૫, અમદાવાદ ૪, પંચમહાલ ૪, સુરેન્દ્રનગર ૪, વલસાડ ૪, નવસારી ૩, અમરેલી ૨, આણંદ ૨, અરવલ્લી ૨, ભાવનગર કોર્પોરેશન ૨, ખેડા ૨, પોરબંદર ૨, ગીર સોમનાથ ૧, જામનગર ૧, મહીસાગર ૧ એમ કુલ ૩૫૧ કેસ નોંધાયા છે.

## ગુજરાત હાઈકોર્ટ ખાતે નવનિયુક્ત ન્યાયાધીશઓનો શપથગ્રહણ સમારોહ યોજાયો



અમદાવાદ, તા.૫

ગુજરાત હાઈકોર્ટ ખાતે બે નવનિયુક્ત ન્યાયાધીશઓનો શપથગ્રહણ સમારંભ યોજાયો હતો. ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ એ.જે.દેસાઈએ બંને નવનિયુક્ત ન્યાયાધીશઓને શપથ લેવડાવ્યા હતા. નવનિયુક્ત ન્યાયાધીશ દેવન દેસાઈ અને મોક્ષા કિરણ ઠક્કરે શપથગ્રહણ કર્યા હતા. આ સમારોહમાં એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી તથા હાઈકોર્ટના જજીસ, વરિષ્ઠ વકીલો, ન્યાયાધીશઓના પરિજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ગુજરાત પ્રદેશને ચાર ઝોનમાં વહેંચવામાં આવ્યો

# ચૂંટણી પહેલા ફરિયાદો મળતાં મહામંત્રી પદેથી ભાર્ગવ ભટ્ટની હકાલપટ્ટી કરાઈ

ગાંધીનગર, તા.૫

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પહેલા પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના રાજકારણમાં મોટો ભૂકંપ સર્જાયો છે. પ્રદેશ મહામંત્રી ભાર્ગવ ભટ્ટને તેમના પદ પરથી નીકળવામાં આવ્યાની વાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના સૂત્રો જણાવી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીમાં પ્રદેશ મહામંત્રીનું પદ એ પ્રદેશ અધ્યક્ષ પછીનું માનવામાં આવે છે. આ પદ પર બિરાજમાન નેતાને અલગ-અલગ ઝોનની જવાબદારી સોંપવામાં આવેલી હોય છે ત્યારે ભાર્ગવ ભટ્ટને પણ મધ્ય ઝોનની જવાબદારી સોંપવામાં આવેલી હતી.

સમગ્ર ગુજરાત પ્રદેશને ચાર ઝોનમાં વહેંચવામાં આવ્યો છે. જે અંતર્ગત ભાર્ગવ ભટ્ટે મધ્ય ઝોનની જવાબદારી સંભાળતા હતા. પાર્ટી સુત્રો જણાવી રહ્યા છે કે સ્થાનિક સ્વરાજયની ચૂંટણી બાદ મહાનગરપાલિકાની ચૂંટણીઓ અને ત્યારબાદ વિધાનસભાની ચૂંટણી આ તમામ ચૂંટણીઓમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સ્થાનિક કક્ષાએથી પાર્ટીને હાઈ કમાન્ડને ભાર્ગવ ભટ્ટના વિરોધમાં ફરિયાદો મળતી હતી અને તે જ કારણોસર ભાર્ગવ ભટ્ટને હટાવવામાં આવ્યા હોય તેવું પાર્ટીના આંતરિક વર્તુળમાં ચર્ચા ચાલી રહી છે.

તો બીજી તરફ એ પણ ચર્ચા સાંભળવા મળી રહી છે કે તે આગામી સમયમાં બોર્ડ નિગમોના ચેરમેન અને ડિરેક્ટરોની નિમણૂક કરવાની છે ત્યારે ભાર્ગવ ભટ્ટને કોઈ બોર્ડ નિગમના ચેરમેન બનાવે તે માટે હાલ તેમને મહામંત્રી પદો પરથી દૂર કરવામાં આવ્યા છે. ભારતીય જનતા પાર્ટીમાં પ્રદેશ મહામંત્રી પદેથી દૂર કરવાનો આ બીજો કિસ્સો એ જોવા મળી રહ્યું છે આ પહેલા ભરત પંડ્યાને ચાલુ મહામંત્રી પદેથી હટાવવામાં આવ્યા હતા અને તેમના સ્થાને કેસી પટેલને મહામંત્રી બનાવવામાં આવ્યા હતા.

હવે ભાર્ગવ ભટ્ટને હટાવી કોને નવા મહામંત્રી તરીકે પસંદ કરાય છે તેના પર સૌ કોઈની નજર લાગેલી છે તો બીજી તરફ પ્રદેશ ભાજપ અધ્યક્ષ સીઆ પાટીલે લોકસભા ૨૦૨૪ની ચૂંટણીની તૈયારીના ભાગરૂપે જિલ્લા કક્ષાએ પણ થોડા પરિવર્તનો ચાલુ કરેલા. તે જ અંતર્ગત વધુ ત્રણ જિલ્લાના જિલ્લા પ્રમુખો બદલવામાં આવ્યા છે. ડાંગ ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લાની અંદર પણ નવા જિલ્લા પ્રમુખોની નિમણૂક કરવામાં આવી છે.

# રાજ્યમાં માવઠાની આગાહીથી ખેડૂતો ચિંતિત

## રાજ્યમાં ફરી વાતાવરણમાં ફેરફાર થયો : હવામાન વિભાગે અમદાવાદમાં ગરમીનો પારો ૩૯ ડિગ્રી સુધી રહેવાની સંભાવના વ્યક્ત કરી

અમદાવાદ,તા.૫

રાજ્યમાં ફરી એકવાર વાતાવરણમાં ફેરફાર થતા કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં વાતાવરણમાં અચાનક પલટો આવી જતા અનેક વિસ્તારોમાં વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. આ પહેલા વરસાદ પડતા પાકમાં વ્યાપક નુકસાન થયુ છે ત્યારે વધુ એકવાર માવઠાની આગાહી થતા ખેડૂતોની ચિંતામાં વધારો કર્યો છે. રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા આગામી ૪૮ કલાકમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદ પડવાની આગાહી કરી છે. રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા આજથી બે દિવસ સુધી માવઠાની અસર રહેવાની સંભાવના વ્યક્ત કરી છે. રાજ્યમાં ઉનાળાની સાથે માવઠું થવાથી તાપમાન સામાન્ય કરતા નીચું નોંધાઈ રહ્યું હતું. રાજ્યમાં કેટલાક વિસ્તારોમાં ગરમીનું જોર વધી રહ્યું છે ત્યારે ફરી એકવાર માવઠાની આગાહી થતા પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસમાં ગરમી વધવાની શક્યતા વ્યક્ત કરી છે. હવામાન વિભાગે અમદાવાદમાં ગરમીનો પારો ૩૯ ડિગ્રી સુધી રહેવાની સંભાવના વ્યક્ત કરી છે. આ ઉપરાંત બનાસકાંઠા, સાબરકાંઠા અને કચ્છમાં તેમજ સૌરાષ્ટ્રમાં ભારે પવન ફૂંકાશે તેમજ ભારે વરસાદ પડવાની શક્યતા છે. આ ઉપરાંત અમદાવાદમાં શહેરનું તાપમાન ૩૭, ગાંધીનગરનું ૩૬, રાજકોટનું ૩૭.૬, વડોદરાનું ૩૪.૬ અને સુરતનું ૩૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાવામાં આવ્યુ હતું.

# RPF દ્વારા ૫ વર્ષમાં ૧૪ કરોડથી વધુનો સામાન પરત

અમદાવાદ, તા.૫

રેલવેમાં મુસાફરી કરતા લોકો ક્યારેક ઉતાવળમાં તેમનો સામાન ભૂલી જતા હોય છે કે ક્યારેક તેમનો સામાન ખોવાઈ ગયો હોય છે. ત્યારે પશ્ચિમ રેલવે દ્વારા ઓપરેશ અમાનત હેઠળ આરપીએફના જવાનો દ્વારા આવા સામાનને સુરક્ષિત રાખવામાં અને યોગ્ય માલિકોને સામાન સુપ્રત કરવા માટે મદદ કરવામાં આવે છે.

ઓપરેશન અમાનત હેઠળ છેલ્લા ૫ વર્ષમાં ૨૦૧૯ થી ૨૦૨૩ માર્ચ સુધી ઓપરેશન 'અમાનત' હેઠળ, આરપીએફએ ૬૯૦૫ કેસોમાં લગભગ રૂ. ૧૪.૫૨ કરોડનો સામાન રિકવર કર્યો છે. તેમાંથી ૩૮૭૬ બેગ, ૪૮૯ પર્સ, ૬૧ જ્વેલરી વસ્તુઓ, ૧૯૯૬ મોબાઈલ ફોન અને ૧૪.૫૨ કરોડ રૂપિયાથી વધુની કિંમતની ૬૩૬ અન્ય વસ્તુઓ મુસાફરોને સોંપવામાં આવી હતી. ખોવાયેલો સામાન વેરિફિકેશન બાદ મુસાફરોને પરત કરવામાં આવ્યો હતો. પશ્ચિમ રેલવેનો સુરક્ષા વિભાગ તેના મુસાફરોની સલામતી અને સુવિધા વધારવા માટે સતત પ્રયત્નશીલ છે. રેલ પ્રોટેક્શન ફોર્સ તેમના માલસામાનની સલામતી સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

### ૨૮ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોરોનાથી સંક્રમિત થયા છે. આ ત્રણેય સભ્યો વલસાડમાં રામકથા માટે ગયા હતા તેમ તંત્રની તપાસમાં જાણવા મળેલ છે. સે. ૮ બાદ સે. ૨૦માં આ બીજો આખો પરિવાર સંક્રમિત થયાની વાતને લઈ તંત્ર પણ ચોંક્યુ છે.

સે. ૨૦માં ૭૧ વર્ષીય વૃદ્ધ, ૪૭ વર્ષીય પુરૂષ અને ૪૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨ માંથી ૨૫ વર્ષીય મહિલાનો અને સરગાસણમાંથી ૪૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સરગાસણમાં કેસોની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં મહિલા દર્દીઓની સંખ્યા પણ વધી રહી છે. શહેરમાં હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો છે. આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં કેસો વધતાં તંત્રએ પણ લોકોને સતર્ક રહેવા તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા જણાવ્યુ છે. તંત્રએ ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા સાથે સર્વેલન્સ સઘન કરવા અને આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા જણાવ્યુ છે.

### તાપ આકરો બન્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. મહત્તમ તાપમાન ૩૭ ડીગ્રીએ પહોંચી ગયુ છે. જયારે લઘુત્તમ તાપમાન પણ ઉપર આવ્યુ છે. જેમાં ૨ ડીગ્રીનો વધારો થયો છે. જેના લીધે સાંજે પણ હવે ધીમે ધીમે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. હવામાન તજજ્ઞોના મતે હવે ગરમીનુ પ્રમાણ વધશે. જયારે એપ્રિલના અંત અને મેં મહીનામાં પણ ગરમીનો પારો ૪૨ થી ૪૬ ડીગ્રી સુધી પહોંચી જશે જેના લીધે જનજીવન પર આકરી ગરમીની અસર વર્તાશે. જયારે આ સમયગાળા દરમિયાન હવામાન પલ્ટા વચ્ચે ગમે ત્યારે વરસાદી વાદળો પણ ગોરંભાય તેવી સંભાવના છે. જેના લીધે વાતાવરણમાં વારંવાર પલ્ટો જોવા મળશે.

### પ્રબળ આક્રોશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ દયાજનક હાલતમાં મુકાઈ ગયા છે. અગાઉ કોરોના કાળમાં પણ આર્થિક તંગીના લીધે કોન્ટ્રાકટરો બેહાલ બન્યા હતા જયારે આ સ્થિતિ વચ્ચે વેપાર ધંધો ધમધમતો રાખવા બજારમાંથી પૈસા લઈને કામ નિભાવે છે.

આવા સંજોગોમાં ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની કચેરી દ્વારા છેલ્લા બે મહીનાથી નાંણાની ચુકવણી થઈ નથી. જેમાં છ મહીનાથી વધુ સમયના બીલો અટવાયા હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. કોન્ટ્રાકટરોને સમયે પૈસાની ચુકવણી ન થતા ગુડામાં હાલ કાર્યરત પ્રોજેકટ પણ મંદ પડી ગયા છે. ગુડાની આર્થિક સ્થિતિ તંગીમાં છે. અલબત્ત ગુડાનો મોટાભાગનો વિસ્તાર કોર્પોરેશનમાં સમાવિષ્ટ થયા બાદ ગુડાએ આવકના નવા સ્રોત ઉભા કરવા પડે તેમ છે.

જયારે વહીવટી નિર્ણયોમાં બેદરકારીના લીધે પણ વિપરિત અસરો ઉભી થઈ છે. ગુડાના આવાસો લાગ્યા હોય તેવા કિસ્સામાં ગુડા તરફથી હજુ અરજદારોને ડિપોઝીટ પણ પરત કરવામાં આવી નથી આ ઉપરાંત ભાડે આપેલા મકાનો સીલ કરવાના મામલે મકાનોના સીલ ખોલવાની કામગીરી પણ થઈ શકી નથી. આ મામલે પણ રોષ ચરમસીમાએ પહોંચ્યો છે. ત્યારે ગુડાના પ્રોજેકટમાં કામ નિપટાવ્યા બાદ લાંબા સમયથી નાણાની ચુકવણી ન થતા કોન્ટ્રાકટરો પણ ત્રાહીમામ પોકારી ગયા છે.

### ૪ હજારને પાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે કોવિડ દર્દીઓનો મૃત્યુ દર ૧.૧૯ નોંધાયો હતો. આરોગ્ય મંત્રાલયની વેબસાઈટ પ્રમાણે દેશવ્યાપી વેક્સિનેસન અભિયાન હેઠળ અત્યાર સુધીમાં કોવિડ રસીના ૨૨૦.૬૬ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં ભારતમાં કોવિડના કેસોમાં ખૂબ જ તીવ્ર વધારો જોવા મળ્યો છે. એટલા માટે કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું કે, લોકોએ સતર્ક રહેવાની જરૂર છે.

### બચાવ કર્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

યુએનએસસીને સંબોધતા કંબોજે સ્પષ્ટ કર્યું કે ભારત સુરક્ષા પરિષદના વાસ્તવિક સુધારા માટે આગળના એકમાત્ર માર્ગ તરીકે સુરક્ષા પરિષદમાં સભ્યપદની કાયમી અને અસ્થાયી એમ બંને શ્રેણીના વિસ્તરણના પક્ષમાં છે.

કંબોજે યુએનના ૨૦૧૫ના ફ્રેમવર્ક ડોક્યુમેન્ટને ટાંકીને જણાવ્યું હતું કે યુએનના ૧૨૨ સભ્ય દેશોમાંથી ૧૧૩ વર્તમાન બંને કેટેગરીમાં વિસ્તરણને સમર્થન આપ્યુ હતું. આનો અર્થ એ છે કે દસ્તાવેજમાં ૯૦ ટકાથી વધુ લેખિત સબમિશન બંને કેટેગરીના સભ્યપદને વિસ્તૃત કરવાની તરફેણમાં છે તો પછી શા માટે કાયમી સભ્યપદનો પણ વિસ્તાર કરવો જોઈએ. કાયમી કેટેગરીમાં વિસ્તરણ અલોકતાંત્રિક હોવાની દલીલો પર કંબોજે કહ્યું કે અમે સમજી શકતા નથી કે મોટાભાગના સભ્યો જે માંગ કરી રહ્યા છે તે કેવી રીતે અલોકતાંત્રિક છે.

### બાઈડેન

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યું, ''આપણી અર્થવ્યવસ્થા બરબાદ થઈ રહી છે. મોંઘવારી કાબૂ બહાર છે. રશિયાએ ચીન સાથે હાથ મિલાવ્યા છે. શું તમે તેના પર વિશ્વાસ કરશો ? સાઉદી અરેબિયાએ ઈરાન સાથે હાથ મિલાવ્યા છે.'' ટ્રમ્પે કહ્યું કે ચીન, રશિયા, ઈરાન અને ઉત્તર કોરિયાએ સાથે મળીને ''વિનાશકારી ગઠબંધન'' બનાવ્યું છે. મારા નેતૃત્વમાં આવું ક્યારેય ન થઈ શકે.

### કસ્ટડીમાં લીધા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ કાર્યવાહી કરવાની શું જરૂર હતી? ગુનો શું છે અને કેસ શું છે? તેઓ અમને કંઈ કહી રહ્યા નથી. તે માત્ર એટલા માટે છે કે તેઓ પેપર લીક કેસમાં રાજ્ય સરકાર પર સતત હુમલો કરી રહ્યા છે. આ લોકશાહીની વિરુદ્ધ છે." તેલંગાણા ભાજપના નેતાઓએ બંદી સંજયની અટકાયત સામે રાજ્યવ્યાપી વિરોધ શરૂ કરવાનું આહ્વાન કર્યું છે. રેડ્ડીએ કહ્યું કે, પોલીસની આ કાર્યવાહી સામે અમે રાજ્યભરમાં વિરોધ પ્રદર્શન કરીશું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૮ એપ્રિલે તેલંગાણા પહોંચશે. તેઓ સિકંદરાબાદથી તિરુપતિ સુધી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી બતાવવાની સાથે અહીં વિવિધ વિકાસ યોજનાઓ શરૂ કરશે.

### મહિલા અમ્પાયર

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમ્પાયર કિમ કોટને આજે એક ઈતિહાસ રચ્યો છે. આઈસીસીના બે પૂર્ણ સભ્ય દેશો વચ્ચેની પુરુષ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં મેદાન પર ઊભેલી તે પ્રથમ મહિલા અમ્પાયર બની છે. કિમ ન્યુઝીલેન્ડની અમ્પાયર છે અને લાંબા સમયથી આ વ્યવસાય છે અને તેણે ઘણી મેચોમાં અમ્પાયરિંગ કરી રહી છે. હવે આઈસીસી મહિલા ક્રિકેટની સાથે સાથે મહિલા અમ્પાયરોને પણ પ્રમોટ કરી રહી છે.

# ડુંગળીનાં કુલ વાવેતરનું ૬૫ ટકા વાવેતર ભાવનગરમાં

## ભાવનગરમાં ઉનાળું વાવેતરનો પ્રારંભ થઇ ગયું છે : ભાવનગરમાં ગત વર્ષે બાજરીનું આ સમયગાળામાં વાવેતર ૬૬૦૦ હેક્ટર હતુ, આ વખતે વધીને ૮૪૦૦ હેકટર થઇ ગયું છે



અમદાવાદ, તા.૫

ભાવનગર જિલ્લામાં ઉનાળું વાવેતરનો પ્રારંભ થઈ ગયું છે. તેમજ અનેક ખેડૂતોએ વાવેતર કરી પણ દીધું છે. ગત વર્ષેની તુલનામાં આ વર્ષે ઉનાળુ પાકના વાવેતરમાં નોંધપાત્ર વધારો થયો છે. માવઠાના માહોલ બાદ ગરમીની સિઝનમાં વાવેતરમાં વૃદ્ધિ થઈ છે. ગત સપ્તાહે જિલ્લામાં કુલ વાવેતર ૫૧,૭૦૦ હેકટર હતુ. આ સપ્તાહે વધીને ૫૩,૩૦૦ હેકટર થઈ ગયું છે. રાજયમાં ઉનાળુ લાલ અને સફેદ ડુંગળીનું કુલ વાવેતર ૯,૨૦૦ હેકટરમાં થયું છે અને તે પૈકી ભાવનગર જિલ્લામાં વાવેતર ૬,૦૦૦ હેકટર થયું છે. રાજ્યમાં ડુંગળીનાં કુલ વાવેતરનું ૬૫.૨૨ ટકા વાવેતર માત્ર ભાવનગર જિલ્લામાં થયુ છે. ગરમીનો આરંભ થઈ ગયો છે, ત્યારે ૫૩,૩૦૦ હેકટર થઈ ગયું છે. ભાવનગર જિલ્લામાં ગત વર્ષે બાજરીનું આ સમયગાળામાં વાવેતર ૬૬૦૦ હેકટર હતુ. આ વખતે વધીને ૮૪૦૦ હેકટર થઈ ગયું છે. ભાવનગર જિલ્લામાં મગફળીનું વાવેતર ૮૩૦૦ હેકટર થયું છે. સમગ્ર સૌરાષ્ટ્રમાં સર્વાધિક છે. સૌરાષ્ટ્રમાં ઉનાળું મગફળીનું કુલ વાવેતર ૧૫,૬૦૦ હેકટરમાં થયું છે અને તે પૈકી ભાવનગર જિલ્લામાં અડધાથી વધુ વાવેતર થયું છે. મગફળીનું વાવેતર ભાવનગર જિલ્લામાં ૮૩૦૦ હેકટરમાં થયું છે. બાજરીનું વાવેતર૮૪૦૦ હેકટરમાં થયું છે, લાલ અને સફેદ ડુંગળીનું વાવેતર ૬૦૦૦ હેકટરમાં થયું છે.